દિવ્ય ભાસ્કર

# કળશ

બુધવાર
25 મે, 2016



**02**
બ્લેક એન્ડ વ્હાઈટ
**જો લેવલ કી આઇટમ ચાહિયે, વો બોલો, હમ હાજિર કર દેંગે!**



**08**
ચિંતનની પળે
**તારે એને સમજાવવાની નહીં, સમજવાની જરૂર છે!**



# જમીનદોસ્ત કોંગ્રેસમાં ઉકળાટ વધી રહ્યો છે

**તડ ને ફડ**
**નગીનદાસ સંઘવી**

**કેરળ-તમિલનાડુમાં રાષ્ટ્રીય પક્ષોને પ્રવેશ મળતો નથી અને આ બંને પ્રદેશોમાં ભાજપનું અસ્તિત્વ નથી, પણ ભાજપે પહેલી વાર પ્રવેશ કર્યો**

આસામથી તમિલનાડુ સુધી ફેલાયેલી અને બે મહિના જેટલી લાંબી મુદત સુધી ચાલેલી ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ છે. પૂર્વ ભારતનાં બે રાજ્યો અને દક્ષિણનાં બે રાજ્યોને આવરી લેતી આ ચૂંટણીની પ્રક્રિયાની ગુજરાત અને ગુજરાતીઓએ મોટાભાગે ઉપેક્ષા કરી છે, પણ આ પ્રાદેશિક ચૂંટણીઓ રાષ્ટ્રના રાજકારણમાં અતિશય મહત્ત્વનો ભાગ ભજવશે. આ ચારે રાજ્યોનું સમાન તત્ત્વ કોંગ્રેસનો પરાજય છે એટલું જ નહીં, પણ કોંગ્રેસનો સાથ લેનારે પણ બેઠકો ગુમાવી છે. ખુશામતખોર કોંગ્રેસી આગેવાનો પણ આ પરિણામથી ઉકળાટ અનુભવે છે. દિગ્વિજય સિંહે પ્રિયંકા વાડ્રાને નેતાગીરી સોંપવાનો અનુરોધ કર્યો છે અને પંજાબના કોંગ્રેસ પ્રમુખ અમરીન્દર સિંહે સોનિયા ગાંધીએ કોંગ્રેસ પ્રમુખ રહેવું તેવી વિનંતી કરી છે. રાહુલ ગાંધીની નેતાગીરી કોઈને પસંદ નથી તે સ્પષ્ટ છે. કોંગ્રેસની કાયાપલટ કરવા માટે બિહારના ચૂંટણી નિષ્ણાત પ્રશાંતકુમારની ભલામણો ફગાવી દેવામાં આવી છે. વંશ પરંપરાનું રાજકારણ બધા પક્ષોને ભારે પડ્યું છે. તે બાબત હવે પછી ચર્ચીએ. કોંગ્રેસે આસામ અને કેરળ ગુમાવ્યા પછી મોટાં રાજ્યોમાં એક જ રાજ્ય કર્ણાટકમાં સત્તા જાળવી રાખી છે અને નાનાં રાજ્યોમાં પણ અરુણાચલ અને ઉત્તરાખંડ કોંગ્રેસના હાથમાંથી સરકી રહ્યા છે. ઉત્તરાખંડમાં કોંગ્રેસ કામચલાઉ ટકી ગઈ છે તે એક જ મતથી અને બીજા કોંગ્રેસીઓના ટેકાથી ટકી છે. આ ટેકેદારોને જે કિંમત ચૂકવવી પડશે તેનાથી કોંગ્રેસના પ્રભાવ અને આબરૂને મોટો ફટકો પડશે. છેલ્લાં બે-ત્રણ વરસથી ચોમેર સતત મળતા પરાજયમાંથી કોંગ્રેસ બોધપાઠ લઈને પક્ષના સમર્થ આગેવાનોને સત્તાની લગામ આપે તેવી આશા રાખીએ.

ભાજપે ચારમાંથી એક જ રાજ્ય આસામમાં વિજય મેળવ્યો છે અને બિહારનું કલંક થોડા પ્રમાણમાં ધોવાઈ ગયું છે. આસામનો વિજય ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીનો વિજય નથી, પણ સ્થાનિક પરિબળોની વરણી કરવામાં અમિત શાહે દાખવેલું દૂરંદેશીનું પરિણામ છે. સોનિયા ગાંધીની માફક આસામના કોંગ્રેસી મુખ્યમંત્રીને પોતાનો દીકરો ભારે પડ્યો છે. ગોગોઈએ પ્રખર કોંગ્રેસી આગેવાન હેમંત બિસ્વાને બાજુએ હડસેલીને પોતાના દીકરા ગૌરવને વારસદાર જાહેર કર્યો હોવાથી ગયા ઓક્ટોબર મહિનામાં બેઘર બનેલા બિસ્વાને અમિત શાહે અપનાવી લીધો. આસામના ભાજપી આગેવાનોની માગણી ફગાવી દઈને અમિત શાહે આસામની ચૂંટણીની લગામ હેમંત બિસ્વા શર્માના હાથમાં સોંપી અને તેમના કારણે આસામ ગણપરિષદ અને બોડોલેન્ડ પીપલ્સ પાર્ટી સાથે ગઠબંધન બનાવ્યું. આ સ્થાનિક પરિબળોએ ભાજપને વિજય અપાવ્યો છે. આસામના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તો ભાજપના સર્વાનંદ સોનાવાલ છે, પણ ગુજરાતની પરિભાષા વાપરીએ તો હેમંત બિસ્વા શર્મા આસામના સુપર સી.એમ. છે.

પંદર વરસથી સત્તા ભોગવનાર કોંગ્રેસે આસામી પ્રજાની મુખ્ય સમસ્યાની ઉપેક્ષા કરી છે. બાંગ્લાદેશમાંથી ઘૂસણખોર ધાડાઓ આસામમાં ઠરીઠામ થયા છે અને આસામીઓના નોકરી ધંધા પડાવી રહ્યા છે. 1979થી આ ઘૂસણખોરો સામે ઉગ્ર જેહાદ ચલાવનાર આસામ ગણપરિષદ અતિશય લોકપ્રિય છે. આ ઘૂસણખોરો મોટાભાગે મુસ્લિમો હોવાથી કોંગ્રેસ તેમને પંપાળે છે. ભાજપે આ ઘૂસણખોરોને અટકાવવા માટે અને તેમને પાછા ધકેલી દેવા માટે વચન આપીને આસામીઓના મત મેળવી લીધા છે. આ વચન પાળી શકાય તેવું નથી. બાંગ્લાદેશની સરહદે દીવાલ કે તારની વાડ બાંધવાની ભાજપની બાંયધરી હાસ્યાસ્પદ છે. આ સરહદ પર નાનાં મોટાં એટલાં નદીનાળાં છે કે વાડ બાંધી શકાય તેમ નથી અને ઘૂસણખોરો સામે વધારે પડતાં ઉગ્ર પગલાં ભરીને બાંગ્લાદેશને નારાજ કરવાનું આપણને પરવડે તેવું નથી, કારણ કે ઈશાની રાજ્યો માટે જરૂરી માલસામાનની અવરજવર માટે બાંગ્લાદેશનો સહકાર જરૂરી છે.

ચૂંટણીના જોશમાં અપાયેલાં આ વચન પાળી શકાય તેવાં નથી. આસામમાં કોંગ્રેસનો પરાજય થયો તેમ કહેવું બરાબર નથી. કોંગ્રેસ સાફ થઈ ગઈ છે. 2011માં 78 બેઠકો મેળવનાર કોંગ્રેસને આ વખતે માત્ર 30 બેઠક મળી છે અને બાંગ્લાદેશી મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરનાર AUDF પણ પાંચ બેઠક ખોવી પડી છે.

બંગાળની ચૂંટણીમાં ભાગીદારો બદલાઈ ચૂક્યા છે. 2011માં કોંગ્રેસનો સાથ મેળવીને મમતા બેનરજીએ માર્ક્સવાદીઓને પછાડ્યા. આ વખતે કોંગ્રેસ અને સામ્યવાદીઓને મમતા બેનરજીએ એકલા હાથે વાળી ઝૂડીને ફગાવી દીધા છે. ગયા વખત કરતાં તેમણે આ વખતે વીસ બેઠકો વધારે મેળવી છે. (211) અને પોતાની સાદાઈ અને પ્રામાણિકતાના બળે જીત્યા છે.

કેરળ હંમેશાં ડામાડોળ હોય છે અને કોંગ્રેસના મુખ્યમંત્રી ઓમાન ચંડી પર સવીથા જોડે બાંધેલા શરીર સંબંધના પરિણામે મોટા ભ્રષ્ટાચારમાં સંડોવાયા છે. ગામડાંઓમાં સૂર્ય ઊર્જાથી વિજળી પેદા કરવાના કૌભાંડે ઓમાન ચંડીનો અને કોંગ્રેસનો પરાભવ કર્યો છે. બંગાળમાં કોંગ્રેસના સાથી ડાબેરીઓ કેરળમાં દુશ્મન પક્ષે હતા, તેથી કેરળમાં કોંગ્રેસ પોતાના દોસ્તોના હાથે હારી તેવું કહીએ તો ખોટું નથી.

જય લલિતાએ બધા વર્તારા ખોટા પાડ્યા છે અને પોતાની સત્તા જાળવી રાખી છે. તેનાં કારણો ભણેશરીઓને ગમે તેવાં નથી. જયલલિતાએ બિહારના નીતીશકુમારનું અનુકરણ કર્યું છે અને દારૂબંધી દાખલ કરવાનું વચન આપીને ગામડાંઓની તમામ સ્ત્રીઓનાં મત મેળવી લીધાં છે. જે વાત આસામમાં કોંગ્રેસને ભારે પડે તે જ વાત તમિલનાડુમાં દ્રુમક માટે મુશ્કેલ બની. દ્રુમકના વધારે સમર્થ આગેવાનોને બદલે પોતાના દીકરા સ્ટાલિનને વારસો આપવાની જાહેરાત કરુણાનિધિના પરાજયનું મુખ્ય કારણ છે. જયલલિતા મમતા બેનરજી નથી. અતિશય વૈભવી જીવન જીવે છે અને ભ્રષ્ટાચારના અગણિત કેસોમાં સંડોવાયાં છે, પણ ભારતના મતદારો ભ્રષ્ટાચારીઓને મત આપવામાં પાછું વળીને જોતા નથી.

કેરળ તમિલનાડુમાં રાષ્ટ્રીય પક્ષોને પ્રવેશ મળતો નથી અને આ બંને પ્રદેશોમાં ભાજપનું અસ્તિત્વ નથી, પણ કેરળની વિધાનસભામાં ભાજપે પહેલી જ વાર પ્રવેશ કર્યો છે અને એક બેઠકો મેળવી છે. તમિલનાડુમાં દ્રુમકનો પરાજય થયો છે. તેના ઘણાં કારણોમાં એક કારણ કોંગ્રેસ જોડે ગઠબંધન છે. કોંગ્રેસનો સાથ લેનાર હારે છે અને કોંગ્રેસની સામે લડનાર જીતે છે તેવું સમીકરણ બાંધવાનો સમય હજી આવ્યો નથી. પંજાબ અને ઉત્તરપ્રદેશની ચૂંટણીના પરિણામ સુધી રાહ જોવી પડશે.

પણ આ ચારે રાજ્યોમાં સમાન તત્ત્વ છે તે ભારતમાં આવતી કાલના રાજકારણ માટે ઊજળા દિવસની નિશાની છે. ટચૂકડા પક્ષો અને અપક્ષોને મતદારોએ સાફ કરી નાખ્યા છે. તમિલનાડુ બંગાળમાં બધી બેઠકો મુખ્ય અને મજબૂત પક્ષોના હાથમાં છે. આસામ અને કેરળમાં તેમને માત્ર એક જ બેઠક મળી છે. પુખ્ત અને પ્રખર લોકશાહીમાં પક્ષો જ કામ કરી શકે છે. પક્ષવિહીન લોકશાહી અંગે વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણે કરેલો અનુરોધ તદ્દન બેબુનિયાદ છે અને જોખમી પણ છે. સંતોએ રાજકારણમાં પડવાનું ટાળવું જોઈએ. ■

nagingujarat@gmail.com

# આટલી અનિશ્ચિતતા, આટલી ગૂંચવણ?

## બાળકોની માનસિક સ્થિતિનું તો જરા વિચારો

**વિહાર**
**કાના બાંટવા**

**મેડિકલમાં પ્રવેશ માટે કઈ પરીક્ષા લેવી એની ચિંતામાં વિદ્યાર્થીઓ વાંચી શું શકે? તૈયારી શું કરી શકે એનું ક્યારેય સરકાર વિચારે છે ખરી?**

આટલું કન્ફ્યૂઝન તો ક્યારેય નહોતું. બાળકોના ભવિષ્યના નામે પ્રાઈવેટ મેડિકલ કોલેજોને ફાયદો કરાવવા નીકળેલા રાજકારણીઓ છેલ્લા એક પખવાડિયાથી મેડિકલના પ્રવેશ માટેની પરીક્ષા અંગે એવી દુવિધા પેદા કરી રહ્યા છે જેનાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીની ચિંતા કરવાને બદલે રાજ્યોની પરીક્ષાઓ માન્ય રહેશે કે નીટ-2 આપવી જ પડશે, ભાષા કઈ રહેશે, મેરિટ કયા આધારે બનશે તેની જ ફિકરમાં ઉજાગરા કરવા માંડ્યા. એ કુમળાં બાળકોની માનસિક સ્થિતિની તો કોઈને પડી જ નથી. છેલ્લી ઘડીએ લડવા નીકળેલાં રાજ્યો છેલ્લાં ત્રણ વર્ષથી શું કરતાં હતાં? જે કેન્દ્ર સરકારે નીટ માટે વટહુકમ લાવવાનો માર્ગ લીધો એ કેન્દ્ર સરકારે અગાઉ સુપ્રીમ કોર્ટમાં કેમ સોગંદનામું કર્યું કે મેડિકલ પ્રવેશ માટે માત્ર નીટ જ જરૂરી છે? હવે કેન્દ્ર સરકાર આ સોગંદનામાથી વિરુદ્ધમાં જઈ રહી છે? રાજ્યોને પણ સુપ્રીમ કોર્ટે સાંભળ્યાં જ હતાં. ત્યારે રાજ્યોએ કેમ ન કહી દીધું કે 2017 કે 2018 સુધી તો તેઓ નીટ લાગુ કરી જ શકે તેમ નથી? હવે રહી રહીને તેઓ કેમ સફાળા જાગ્યા છે? ગૂંચવણ પેદા કરીને, વાલીઓ અને બાળકોને ડરાવીને પછી તેઓ રસ્તાઓ કાઢવા બેઠા, જેથી વાહવાહી મેળવી શકે, સહાનુભૂતિ મેળવી શકે.



શા માટે નીટ અંગેનો નિર્ણય છેક છેલ્લી ઘડીએ આવે છે? આ બધું છ-આઠ મહિના પહેલાં પણ થઈ શક્યું હોત અને છ-આઠ મહિના પછી, નવા શૈક્ષણિક વર્ષ માટે પણ થઈ શક્યું હોત. એમાં શું ખાટુંમોળું થઈ જવાનું હતું? મેડિકલમાં પ્રવેશમાં થતા ભ્રષ્ટાચાર અને પૈસાના વહીવટને નાથવા માટે જ નીટ લાવવાની હતી તો કેમ આટલો સમય નીટ ન આવી? સુપ્રીમ કોર્ટમાં તો ત્રણ વર્ષથી કેસ ચાલી રહ્યો હતો. એ ત્રણ વર્ષ ભ્રષ્ટાચાર થયો જ હશેને? અને એ વધુ એક વર્ષ ન થાય તે માટે જલદી ચુકાદો આપવો જો જરૂરી જ હતો તો પછી કેન્દ્ર સરકાર વટહુકમ કેમ લાવી? તેનાથી ભ્રષ્ટાચાર વધુ એક વર્ષ ચાલશે એવો જ તર્ક નીકળે કે નહીં?

ગૂંચવણની આ સ્થિતિમાં નુકસાન તો એ બાળકોને થઈ રહ્યું છે જેમને ડોક્ટર બનવું છે. એક વખત એઆઈપીએમટી આપીને બાળકો જરા રિલેક્સ થયાં હતાં ત્યાં નીટ-2નો નિર્ણય આવ્યો. ગુજરાતમાં તો ગુજકેટના આગલા દિવસ સુધી સ્પષ્ટતા નહોતી કે ગુજકેટ લેવાશે કે નહીં. પરીક્ષાની હોલ ટિકિટ આપવાનું પણ એક તબક્કે મોકૂફ રાખી દેવામાં આવ્યું હતું. વાલીઓએ હંગામો કર્યા પછી હોલ ટિકિટ ઈશ્યૂ થઈ અને ગુજકેટ લેવામાં આવી. અનિશ્ચિતતાના માહોલ વચ્ચે બાળકોએ કઈ રીતે પરીક્ષા આપી હશે? તૈયારીને બદલે તેમના મનમાં તો શું નિર્ણય થશે એની જ ચિંતા હશે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી વટહુકમ લાવવામાં કેન્દ્ર સરકારે આટલો સમય કેમ લીધો! બે-ચાર દિવસમાં જ વટહુકમ લાવી શકી હોત કેન્દ્ર સરકાર. એમાં તો કેબિનેટની એક બેઠક જ માત્ર બોલાવવાની હતી અને એ પણ દેખાડા પૂરતી. નિયમ અનુસાર બોલાવવી પડે એટલે રસમ નિભાવવા પૂરતી બોલાવવાની હતી. એમાં આટલો સમય કોના ફાયદા માટે કાઢી નાખવામાં આવ્યો? કઈ ગોઠવણો ચાલી રહી હતી? ચાર રાજ્યોનાં ચૂંટણી પરિણામો પછી જ વટહુકમ લાવવાના નિર્ણય પાછળની ગણતરીઓ શું હતી? જે રાજ્યોના વિદ્યાર્થીઓ પ્રાદેશિક ભાષામાં પરીક્ષા આપે છે તેમની મુશ્કેલીને અગાઉ ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે સુપ્રીમમાં રજૂઆત કરી હોત તો સ્થિતિ કદાચ જુદી હોત. સુપ્રીમ સમક્ષ તો કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આખા દેશમાં નીટ જ લેવાની સુફિયાણી વાતોનાં વડાં જ કર્યાં હતાં.

કેન્દ્ર સરકારને વિવાદાસ્પદ નિર્ણયો લઈને પાછળથી તેમાં રોલબેક કરવાની ટેવ પડી ગઈ છે. ઈપીએફના મામલામાં કેન્દ્ર સરકારે આ જ કર્યું હતું. કર્મચારીઓએ વિરોધ કર્યો પછી સરકારે પીછેહઠ કરી. નીટ બાબતે પણ વાલીઓ અને વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો એટલે વટહુકમનો રસ્તો અપનાવ્યો. મહત્ત્વની બાબત એ પણ છે કે વટહુકમનો નિર્ણય લીધા પછી પણ કેન્દ્રીય કેબિનેટ કે મંત્રી જે.પી. નડ્ડાએ શુક્રવારે એ સ્પષ્ટતા ન કરી કે વટહુકમમાં ખરેખર શું છે. દિવસભર ગૂંચવાડો ચાલતો જ રહ્યો. શા માટે કેબિનેટ બેઠક બાદ તરત જ ખોંખારીને કહી દેવામાં ન આવ્યું કે આ પ્રકારનો નિર્ણય લેવાયો છે? નડ્ડાએ તો વાટોઘાટોની વાત કરી. એનો અર્થ એવો ખરો કે સરકાર વટહુકમ બાબતે પણ સ્પષ્ટ નહોતી? અથવા વટહુકમના ભાવિ બાબતે સરકારને શંકા હતી? અથવા સુપ્રીમ કોર્ટથી ડર લાગતો હતો?

આખા વિવાદનો પેટા મુદ્દો ન્યાયતંત્ર અને કારોબારી-સરકાર વચ્ચેના ગજગ્રાહનો છે. અદાલતો દ્વારા હિમાચલ પ્રદેશની રાવત સરકારના શક્તિ પરીક્ષણ, રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવવાના ચુકાદા, નીટ ફરજિયાત કરવાના ચુકાદા વગેરેથી કેન્દ્ર સરકારને લાગે છે કે ન્યાયતંત્ર તેમના કામમાં દખલ કરે છે. નીતિન ગડકરી અને અરુણ જેટલી આ મુદ્દે ખૂલીને બોલી પણ ચૂક્યા છે. અદાલતના નિર્ણય પોતાની વિરુદ્ધ આવે તો સરકારો ક્યારેય સહન કરી શકતી નથી તે છેક ઈન્દિરા ગાંધીના સમયથી ચાલ્યું આવે છે. કારોબારી કાયદા ઘડવાનો અબાધિત અધિકાર ધરાવે છે એ સાચું, પણ કાયદાના આધારે ન્યાય તોળવાનું કામ અદાલતોનું છે. આમ તો બંનેનાં કામ એકદમ અલગ લાગે છે, પણ કારોબારીને હંમેશાં પોતાની સુપ્રીમસી સાબિત કરવાની મહેચ્છા રહે છે અને તેને લીધે ભેદરેખા ભૂંસાઈ જાય છે, ઓળંગાઈ જાય છે. ન્યાયતંત્ર ઉપર દબાણ લાવવા પ્રયાસો થાય છે, ન્યાયતંત્રની સક્રિયતા પર ટોણા મારવામાં આવે છે. અતિ સક્રિયતાના નામે વખોડવામાં આવે છે. કેન્દ્રમાં ગમે તે પક્ષની સરકાર હોય, આ મુદ્દો તો રહે જ છે. આવું ચાલતું જ રહેવાનું છે, પણ જ્યારે સવાલ બાળકોના ભવિષ્યનો આવે ત્યારે સરકારે વિચારવું જોઈએ. આ લખાય છે ત્યારે, શુક્રવારે સાંજે પણ નીટ અંગેની ગૂંચવણ

અનુસંધાન છઠ્ઠા પાને

# આય હાર્ટ ‘નાઈફ’

**નીલે ગગન કે તલે**
**મધુ રાય**

અમને હતું કે આ વખતે ‘નાઈફ’ના ગાલા ડિનરમાં અમે ફેમસ ફેમસ ફિલ્મી હસ્તીઓ ભેરા સ્કન્ધમર્દન આણિ પ્રિયંકા ચોપડાની સાથે હસ્તમર્દન કરીશું ને પૂછીશું, વ્હોટ્સ યોર રાશિ, ડિયર? તે આશા ઠગારી નીવડી. સાહિત્યિક હસ્તી યાને હાથી, શેતાની ગીતોના ગાયક સલમાન રશદી પધારેલા, કિન્તુ જમવા નહીં રોકાયેલા ને તેમના હસ્તાક્ષર પામવાની તમન્ના પણ ધૂળધાણી થઈ.

‘નાઈફ’ યાને NYIFF ઉર્ફે ‘ન્યૂ યોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ’. નૃત્ય, સંગીત અને ચિત્રકારીનાં આયોજનો ઉપરાંત અહીંની ઈન્ડો-અમેરિકન આર્ટ્સ કાઉન્સિલ છેલ્લાં 16 વર્ષથી આ ફિલ્મુત્સવો ધમાકા સાથે ઊજવે છે. પ્રમુખ સુશ્રી અરુણ શિવદાસાણી, ફેસ્ટિવલના અધિપતિ અસીમ છાબડા ઈન્ડિયન ફિલ્મોનું મિષ્ટ ફિલ્મોથી લચેલું વૃક્ષ હલાવીને એકત્ર કરે છે, સુદર્શન ડોક્યુમેન્ટરી, ફીચર, શોર્ટ્સ, શોર્ટ્શોર્ટ્સ કૃતિઓ. ઓપનિંગ અને ક્લોઝિંગ નાઈટ્સના ગાલા કોકટેલ ડિનર્સથી છલછલતા આ ફિલ્મુત્સવોમાં ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, પંજાબી, કોંકણી, કન્નડ, હરિયાણવી, મલયાલમ, તમિલ, તેલુગુ, મરાઠી અને અંગરેજીમાં; નવા જૂના અને દિવંગત દિગ્દર્શકોની નવી, જૂની ફિલ્મો, થ્રિલર, કોમડી, ટ્રેજેડી, ફેમિલી ડ્રામા, ફાઈટમબાજીથી લેસ; ફિલ્માન્તે દિગ્દર્શકો કે અભિનેતાઓ સાથે સવાલ જવાબ; દિગ્દર્શકોની ચર્ચાસભા, સેમિનાર્સ આદિ બડે શૌક સે પ્રસ્તુત કરાય છે, તેમજ ઉત્સવાન્તે પ્રદર્શિત શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ દિગ્દર્શક, વગેરેની જાહેરાત ને વડીવડી હસ્તીઓના હસ્તે ટ્રોફીપ્રદાન, ફોટાફોટી થાય છે. શ્રેષ્ઠ ફિલ્મ ઉમેશ કુળકર્ણીની ‘હાઈવે’ને ટ્રોફી આપી સલમાન અંકલે. ઉમેશ અંકલે શ્રેષ્ઠ દિગ્દર્શકની ટ્રોફી પણ જીતી. રોજની છ-છ ફિલ્મોથી ચકનાચૂર આ ઉત્સવમાં ગગનવાલાના કરમમાં ફક્ત દસ જ ફિલ્મ જોવાનું લખાયેલું. મુઝફ્ફર અલીની પહેલી ફિલ્મ ‘ગમન’માં ‘રસ કે ભરે તોરે નૈન સાંવરિયા’નો પહેલો અંતરો ગિરિજાદેવીના કંઠે સાંભળીને ગગનવાલા દોબારા દોબારા બોલી ઉઠેલા, સાયલન્ટલી સાયલન્ટલી. હાર્દિક મહેતાની ગુજરાતીઓની સ્ટાઈલ મુજબ અંગરેજી ટાઈટલનો કાચ પાયેલી શોર્ટફિલ્મ, ‘ફેમસ ઈન અમેડાબાડ’ની સંક્રાંત સમયે અમદાવાદના મુસલમાનોના પતંગપ્રેમની છબીલી બોલીમાં ‘દાદુ’ ગમ્મત પડી. પવન કુમારની કન્નડ સુપરનેચરલ થ્રિલર ‘યુ ટર્ન’ ઘડી બેઘડી મોજ કરાવી ગઈ. તે જ સમયે ચાલતી લીના યાદવની ગુજરાતના ગ્રામવિસ્તારની કથા ‘પાર્ચ્ડ’ ન જોવાઈ. હોલિવૂડની એનિમેશન ફિલ્મોમાં ભારતીય અમેરિકનોની ભૂમિકા વિશે રાહુલ ઠક્કર (ડ્રીમવર્ક્સ) અને સંજય પટેલ (પિક્સાર)ની ચર્ચાસભા પણ ચુકાઈ ગઈ. પ્રતિમ દાસગુપ્તાની ફોર્મુલા થ્રિલર ‘સાહેબ બીબી ગોલામ’ તેની પહેલી ફિલ્મ હતી તેવું પુરવાર કરતી હતી. સ્વનામધન્ય અપર્ણા સેનની નિકૃષ્ટ ‘આરસીનગર’ નાસીપાસ કરી ગઈ. એમ. મણિકાન્તમની કન્નડ થ્રિલર ‘ક્રાઈમ ઈઝ પનિશમેન્ટ’ રોચક હતી. ગુજરાતી જુવાન નિલય દવે લિખિત, પ્રાયોજિત, દિગ્દર્શિત અને અભિનીત હિન્દી ‘ગાંધીજી માય મેન્ટોર’ રંગમંચીય અતિરેકવાળી લાગી. અનુ મેનનની હિન્દી/ઇંગલિશ નસીરુદ્દીન શાહ અને કલ્કિ કોચલીન અભિનીત સંવાદપુષ્ટ ‘વેઈટિંગ’ નભી જાય, સંતર્પક ઈલ્લે. પુશન કૃપાલાણીની ઈંગલિશ/પંજાબી દ્વિપાત્રી નાટક જેવી, હજારો વાર જોયેલી દાંપત્યના ખટરાગની જનેરિક દાસ્તાં. છેલ્લે સમલિંગી સંબંધની હંસલ મહેતાની મનોજ બાજપાયી અભિનીત ‘અલીગઢ’ જેમાં કથાતત્ત્વ કમ અને સામાજિક કથન જાસ્તી જણાયું. કશાય વિચારબિંદુ કે મતને સિદ્ધ

અનુસંધાન છઠ્ઠા પાને



રુચિકા ઓબેરોયની સફળ ફિલ્મ ‘આયલેન્ડ સિટી’

## લીના યાદવની ગુજરાતના ગ્રામવિસ્તારની કથા ‘પાર્ચ્ડ’ નહોતી જોવાઈ

અંબે શક્તિ જ્યોતિષ
9714951668

સાંઈ મહાકાલી જ્યોતિષ
Love Problem
70468 59725

સાંઈ ચમત્કારી બાપુ
9824253486

શિવકૃપા જ્યોતિષ
9998852496

રાજ સાંઈ જ્યોતિષ
All Gujarat & UK, USA Famous
9979729862

સુપ્રસિદ્ધ અઘોર તાંત્રિક
M: 99246 34078

મહામોહીની ઉપાસક
91-9512223311